# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

********************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કર્ણાટકના ઉડુપી પહોંચ્યા, વિવિધ કાર્યક્રમમાં સહભાગી થયા.**
2. **પ્રધાનમંત્રી ગોવામાં 77 ફૂટની ભગવાન શ્રી રામની પ્રતિમાનું અનાવરણ કરશે.**
3. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ છત્તીસગઢમાં દેશભરના ઉચ્ચના પોલીસ અધિકારીઓના સંમેલનનું ઉદ્ઘાટન કરશે.**
4. **સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, ભારત વૈશ્વિક ચર્ચાઓને આકાર આપી રહ્યું છે.**
5. **ગોવામાં 56મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવનો આજે સમાપન સમારોહ**

**.......................................................................**

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM VISIT KARNATAK GOA

કર્ણાટકની મુલાકાતે ગયેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉડુપી પહોંચ્યા છે, તેઓએ ઉડુપી પર્યયા શ્રી પુથિગે મઠ દ્વારા આયોજિત કોટી ગીતા લેખન યજ્ઞ અભિયાન અને ગીતા પારાયણ તરીકે ઓળખાતા ભગવદ ગીતાના સામૂહિક પાઠમાં ભાગ લીધો હતો. તેમણેઁ સોનાથી જડિત તીર્થ મંડપમનું ઉદ્ઘાટન કરીને સોનાથી મઢેલી કનક કિંડી સમર્પિત કરી હતી.

અગાઉ કર્ણાટકના આરોગ્ય મંત્રી દિનેશ ગુંડુ રાવે તેમનું સ્વાગત કર્યું હતું. પ્રધાનમંત્રીના બે કિલોમીટર લાંબા રોડ શો દરમિયાન, રસ્તાની બંને બાજુ મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને ફૂલોનો વરસાદ કર્યો હતો. શ્રી મોદીએ તેમનું અભિવાદન સ્વીકાર્યું. રોડ શો દરમિયાન યક્ષગણ અને હુલિવેશા નર્તકોએ પ્રદર્શન કર્યું. ત્યારબાદ પ્રધાનમંત્રી ઉડુપી શ્રી કૃષ્ણ મઠમ પહોંચ્યા અને ત્યાં યોજાયેલા કાર્યક્રમોમાં ભાગ લીધો.

શ્રી મોદી શારદા પંચષ્ટમોત્સવ નિમિત્તે ગોવામાં શ્રી સંસ્થાન ગોકર્ણ પરતાગલી જીવોત્તમ મઠના 550 વર્ષનાં ઉજવણી સમારોહમાં ભાગ લેશે. શ્રી મોદી મઠ ખાતે શ્રી રામની 77 ફૂટ ઊંચી કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કરશે અને રામાયણ થીમ પાર્ક ગાર્ડનનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે, પ્રધાનમંત્રી સભાને સંબોધિત કરશે અને એક ખાસ ટપાલ ટિકિટ અને સ્મારક સિક્કો બહાર પાડશે.

# PRESIDENT LAKHNAU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે લખનૌની મુલાકાત લેશે. તેઓ 2025-26 માટે બ્રહ્મા કુમારીઓની વાર્ષિક થીમ “વિશ્વ એકતા અનટ્રસ્ટ માટે ધ્યાન” ના ઉદ્ઘાટન સમારોહમાં તથા સ્કાઉટ્સ અને ગાઇડ્સના ડાયમંડ જ્યુબિલી ઉજવણીના સમાપન સમારોહમાં ભાગ લેશે.

બાઈટ – સુશિલ પ્રેસિડેન્ટ વિઝીટ

# CHHATISGARH - CONFERENCE

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આજે રાયપુરમાં દેશભરના ઉચ્ચ પોલીસ અધિકારીઓના સંમેલનનું ઉદ્ઘાટન કરશે.

આ સંમેલન આજથી 30 નવેમ્બર સુધી ચાલશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ પણ આ સમેલનમાં હાજર રહેશે. આ કાર્યક્રમમાં દેશભરમાંથી લગભગ 600 અધિકારીઓ ભાગ લેશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

વોઈસ કાસ્ટ - વિપ્લવ શુક્લા

# RAJNATH CDD

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે, આજે ભારત વૈશ્વિક ચર્ચાઓને આકાર આપી રહ્યું છે, અને હિન્દ-પ્રશાંત અને ગ્લોબલ સાઉથના દેશો ભારતને એક વિશ્વસનીય ભાગીદાર તરીકે જોઈ રહ્યા છે.

ચાણક્ય સંરક્ષણ સંવાદ (સીડીડી) **2025**ને સંબોધતા શ્રી સિંહે કહ્યું કે બદલાતા વૈશ્વિક વાતાવરણમાં, ભારતનું સ્થાન પણ બદલાઈ રહ્યું છે. ભારતની વધતી જતી અર્થવ્યવસ્થા, નવીનતમ ટેકનોલોજીમાં પ્રગતિ અને સૈદ્ધાંતિક રાજદ્વારી પ્રત્યેની મજબૂત પ્રતિબદ્ધતાએ તેને સંતુલન, સ્થિર અને જવાબદાર અવાજ તરીકે ઉભરી આવવામાં મદદ કરી છે.

સંરક્ષણ મંત્રીએ ઉમેર્યું ભારત હંમેશા શાંતિ અને સંવાદમાં માને છે, પરંતુ જ્યારે દેશની સાર્વભૌમત્વ અને નાગરિકોની સુરક્ષાની વાત આવે છે, ત્યારે તે કોઈ સમાધાન કરતું નથી. તેમણે કહ્યું કે દેશની સશસ્ત્ર દળોએ વારંવાર તેમની ક્ષમતા અને તૈયારી દર્શાવી છે.

શ્રી સિંહે એમ પણ કહ્યું કે, સુરક્ષિત ભારત વિના વિકસિત ભારત શક્ય નથી, અને મજબૂત ભારત વિના સુરક્ષિત ભારત અશક્ય છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે આ બે દિવસીય કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કર્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IMRAN KHAN

પાકિસ્તાનના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇમરાન ખાન જેલમાં છે કે કેમ તે અંગે અટકળો ચાલી રહી છે. અફઘાન મીડિયાના અહેવાલો મુજબ, તેમનું અદિયાલા જેલમાં કસ્ટડીમાં મૃત્યુ થયું છે. આ દાવાના જવાબમાં, ઇમરાન ખાનના પુત્ર, કાસિમખાને, આની જાહેરમાં પુષ્ટિ કરવાની અને તેમની તાત્કાલિક મુક્તિની માંગ કરી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, કાસિમ ખાને જણાવ્યું કે ઇમરાન ખાન 845 દિવસથી જેલમાં છે. કોર્ટના આદેશો છતાં, તેમને મળવાથી રોકવામાં આવે છે. કાસિમ ખાને વૈશ્વિક નેતાઓ, આંતરરાષ્ટ્રીય અદાલતો

અને માનવાધિકાર સંગઠનોને હસ્તક્ષેપ કરવા વિનંતી કરી. દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રએ, પાકિસ્તાનના અધિકારીઓને જેલમાં બંધ ઇમરાન ખાનના અધિકારોનું સન્માન કરવા અને તેમનું સંપૂર્ણ સમર્થન કરવાની અપીલ કરી છે. સંયુક્ત રાષ્ટ્રના નાયબ પ્રવક્તા ફરહાન હકે જણાવ્યું હતું કે આવા રાજકીય રીતે સંવેદનશીલ કેસોમાં કાયદા હેઠળ ન્યાયી વર્તન અને પ્રક્રિયાગત નિષ્પક્ષતાની આવશ્યકતા અંગે સંયુક્ત રાષ્ટ્રએ ભાર મૂક્યો છે.

ઉલ્લેખનીય છે કે, ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા 72 વર્ષીય ઈમરાન ખાનને ઓગસ્ટ 2023 થી ભ્રષ્ટાચાર, હિંસા ભડકાવવા અને સત્તાવાર ગુપ્તતા કાયદાનું ઉલ્લંઘન સહિતના અનેક આરોપોમાં આદિયાલા જેલમાં રાખવામાં આવ્યા છે.

# IFFI

56મો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ આજે ગોવામાં એક ભવ્ય સમાપન સમારોહ સાથે સમાપ્ત થશે. મહાન અભિનેતા ધર્મેન્દ્રને આજે શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. **20** નવેમ્બરથી શરૂ થયેલા આ મહોત્સવમાં **81** દેશોની **240**થી વધુ ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવી હતી.

**વોઈસ કાસ્ટ – નિખીલ આઈ.એફ.એફ.આઈ.**

# SRI-LANKA CYCLONE

ચક્રવાત દિત્વા ને પગલે શ્રીલંકામાં અસામાન્ય પરિસ્થિતિઓનું નિર્માણ થયું છે. તેના કારણે ભારે વરસાદ અને ભૂસ્ખલન થયું છે. વાવાઝોડાને કારણે ઘણા જિલ્લાઓમાં પૂર આવી ગયું છે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ 40 હજારથી વધુ લોકો પ્રભાવિત થયા છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરી છે. જ્યારે આંધ્રપ્રદેશ, કેરળ અને માહેમાં ભારે વરસાદની પણ આગાહી કરી છે.

આંદામાન અને નિકોબાર ટાપુઓ પર વીજળી પડવા અને તોફાની પવન સાથે વાવાઝોડાની શક્યતા છે.

# REV. TRUMP-IMMIGRATION

અમેરિકના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક વ્યાપક ઇમિગ્રેશન પગલાંની જાહેરાત કરતા બધા વિકાસશીલ દેશોમાંથી ઇમિગ્રેશનને કાયમી ધોરણે બંધ કરવાનો પોતાનો ઇરાદો વ્યક્ત કર્યો છે. આ નિર્ણય જો અમલમાં આવે તો શિક્ષણ, કાર્ય, સલામતી અથવા આશ્રય માટે અમેરિકામાં પ્રવેશ કરવા માંગતા લાખો લોકોને અસર કરી શકે છે.

વ્હાઇટ હાઉસ નજીક એક અફઘાન નાગરિકે બે નેશનલ ગાર્ડ સભ્યો પર ગોળીબાર કર્યાના થોડા દિવસો બાદ શ્રી ટ્રમ્પએ આ જાહેરાત કરી છે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે અમેરિકા ટેકનોલોજીકલ રીતે અદ્યતન છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ઇમિગ્રેશન નીતિઓએ દેશની પ્રગતિને નબળી પાડી છે.